ધીરજ તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના, શિસ્ત, શાંતિ ને સેવાનો તું, પાઠ સૌને આપ્યે જા, દુર્ગમ પંથ કાપ્યે જા...

**રાજ્યમાં વધુ ૪૨૩ નવા કેસ : અમદાવાદમાં ૩૧૪ : ગાંધીનગરમાં ૧૧**

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૮૩ | ૨ જુન, ૨૦૨૦, મંગળવાર; જેઠ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દક્ષિણ ગુજરાતના દરિયા કિનારે વાવાઝોડુ ત્રાટકશે

**આજે મોડીરાત્રે અથવા આવતીકાલે વહેલી સવારે સુરત અને આસપાસના દરિયા કિનારે નિસર્ગ વાવાઝોડુ ત્રાટકવાની વધતી શક્યતા : અરબી સમુદ્રમાં તૈયાર થયેલું લો પ્રેશર વાવાઝોડામાં ફેરવાશે : વાવાઝોડું સુરતથી ૯૨૦ કિ.મી દૂર : એનડીઆરએફની અગિયાર ટીમો સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતનાં દરિયાઇ કાંઠે મોકલવામાં આવી છે**




નવી દિલ્હી, તા. ૧

એક તરફ ગુજરાતમાં કોરાનાનો કહેર સતત વધી રહ્યો છે ત્યાં હવે વાવાઝોડાનું સંકટ ઘેરાયું છે. દક્ષિણ પશ્ચિમ દિશામાં પૂર્વ મધ્ય મરબી સમુદ્રમાં લો પ્રેશર સક્રિય થયું હતું જે હવે ડિપ્રેશનમાં પરિવર્તિત થઈને ઉત્તર દિશા તરફ આગળ વધી રહ્યું છે. આગામી ૧૨ કલાકમાં આ ડિપ્રેશન ડીપ ડિપ્રેશન પરિવર્તિત થઈને સીવિયર સાઈક્લોનિક સ્ટ્રોમ બનશે. જે બાદ આ વાવાઝોડું આગામી ૨૪ કલાકમાં દરિયા કિનારા તરફ ધીમે ધીમે આગળ વધશે. જે આગામી ૩ જૂનના રોજ ગુજરાતના દરિયાકિનારે પહોંચવાની શક્યતા છે. હા આ વાવાઝોડું સુરતનાં દરિયા કિનારાથી ૯૨૦ કિ.મી. દૂર છે. વાવાઝોડાના ખતરાને ધ્યાનમાં રાખીને રાજ્યમાં તંત્ર એલર્ટ થઈ ગયું છે. આ સાથે એનડીઆરએફની ૧૧ ટીમો સૌરાષ્ટ્ર, કચ્છ અનો દક્ષિણ ગુજરાતનાં દરિયાઈ કાંઠે મોકલવામાં આવી છે જે સાંજ સુધી પહોંચી જશે. રાજ્યમાં વાવાઝોડાને પગલે જૂનાગઢના માંગરોળ, જામનગરનાં બંદરો પર

● અનુસંધાન પાન-૭ પર

# સુરતવાસીઓ ત્રીજી તારીખે સાવધાન રહેજો

**૧૦૦ કિમીની ઝડપે પવન ફુંકાશે : લોકોને દરિયા કિનારે ન જવા, માછીમારોને દરિયો ન ખેડવા સૂચના : સંભવિત વાવાઝોડાને લઈ સુરત કલેક્ટરે જાહેર ઓડિયો કર્યો, સંભવિત વાવાઝોડાની શક્યતાને લઈને વલસાડ અને નવસારી તંત્ર એક્શન મોડમાં**

અમદાવાદ, તા. ૧

અરબી સમુદ્રમાં થયેલ લો પ્રેશરને લઈને ગુજરાતના દરિયા કાંઠાને અલર્ટ કરી દેવામાં આવ્યા છે. નિસર્ગ વાવાઝોડું સુરતથી ૯૨૦ કિમી દૂર છે. ત્યારે હવામાન વિભાગની આગાહી મુજબ સંભવિત વાવાઝોડું દક્ષિણ ગુજરાત તરફ ફંટાઈ શકે છે. જેના કારણે સુરત, નવસારી અને વલસાડના દરિયાકાંઠાને અલર્ટ કરવામાં આવ્યા છે. ત્યારે સુરત મનપા કમિશનર દ્વારા કહેવામાં આવ્યું છે કે, સુરતમાં ૧૦૦

● અનુસંધાન પાન-૭ પર

# કેરળમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી : ૯ જિલ્લામાં યલો એલર્ટ

**રાહતના સમાચાર, ખેડૂતો આનંદો : કેરળમાં સમયસર આગમનથી મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત ઉત્તર ભારતમાં ચોમાસુ વેળાસર આવશે : પ્રવાસી મજૂરોને ખેતીકામમાં રોજગારી મળવાની શક્યતા : આ વર્ષો ચોમાસુ સામાન્ય રહેશે**

તિરુવનંતપુરમ્,તા.૧

કેરળમાં નૈઋત્યના ચોમાસાએ દસ્તક દઈ દીધી છે. હવામાન વિભાગના મતે દક્ષિણ-પશ્ચિમ મોનસૂન કેરળ પહોંચી ગયું છે. ૈસ્થના ઉપ મહાનિર્દેશક આનંદ કુમાર શર્માએ કહ્યું કે આજે કેરળમાં ચોમાસાનું આગમન થયું. લો પ્રેશર સર્જાતા ૩-૪ તારીખની વચ્ચે દાદરા નગર હવેલી, નોર્થ કોંકણ, નોર્થ મધ્ય મહારાષ્ટ્ર, દીવ દમણમાં વરસાદ પડશે. અહીં લોકોએ સાવધાની રાખવી પડશે. ૨ જૂન અને ૫ જૂન વચ્ચે મહારાષ્ટ્ર અને ગુજરાતના તટ પર ઉંચા મોજા ઉછળે તેવી શક્યતા છે. તેની ઉંચાઈ ૧૨થી ૧૬ ફૂટ સુધીની હોઈ શકે છે. જ્યારે તેની સ્પીડ ૬૦થી ૯૦ કિમી પ્રતિ કલાકની રહેવાની શક્યતા છે. ત્યારપછી આ ઓછા દબાણવાળો વિસ્તાર નિસર્ગ ચક્રવાતમાં ફેરવાઈ જશે. હવામાન વિભાગ અનુસાર આ વર્ષે ચોમાસું સામાન્ય રહેશે.



## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૬૩૧૧૧૭૯ | ૩૭૪૭૩૬ | ૨૭૯૨૨૧૩ |
| ભારત | ૧૯૪૮૩૭ | ૫૫૭૭ | ૯૪૩૪૬ |
| ગુજરાત | ૧૭૨૧૭ | ૧૦૬૩ | ૧૦૭૮૦ |
| ગાંધીનગર | ૨૮૫ | ૧૪ | ૧૬૧ |

# દેશમાં વધુ ૮૩૯૨ કેસો નોંધાયા

**છેલ્લા ૨૪ કલાકમાં ૨૩૦ના મોત : અત્યાર સુધી ૫૪૦૮ સંક્રમિતોના મોત : મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૨૨૮૬ લોકોના મોત**

નવી દિલ્હી,તા.૧

કોરોના મહામારી સામેની લડાઈમાં ભારતે હને અનલોક-૧ની જાહેરાત કરીને વધુ છૂટછાટો આપી છે ત્યારે આજે સોમવારે સવારે ૯ વાગે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૮૩૯૨ નવા કેસ નોંધાયા હતા. ગઈકાલે પણ ૮ હજાર કરતાં વધારે કેસો બહાર આવ્યાં હતા. છેલ્લા એક અઠવાડિયામાં ૫૦ હજારથી વધુ કેસ નોંધાયા છે. દેશમાં કોરોના વાયરસનો પ્રકોપ અટકવાને બદલે વધી રહ્યો હોય તેમ દેશમાં છેલ્લા બે મહિના કરતા પણ વધારે સમયથી લોકડાઉન લાગુ હોવા છતા પણ કોરોના વાયરસના સંક્રમણનો આંકડો બે લાખની નજીક પહોંચવામાં છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે સોમવાર સવાર સુધીમાં દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૧૯૦૫૩૫ સુધી પહોંચી ગયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૮૩૯૨ નવા કેસ નોંધાયા છે. તે સાથે દેશભરમાં અત્યાર સુધી ૧,૯૦,૬૨૨ લોકો કોરોનાના સંકજામાં આવી ગયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૩૦ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૩૯૪ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે સોમવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૯૩૩૨૨ એક્ટિવ કેસ છે. અત્યાર સુધી દેશભરમાં ૯૧,૮૫૫ દર્દીઓ સારવાર બાદ સાજા થયા છે. દેશમાં સૌથી વધારે ૬૭,૬૬૫ દર્દીઓ મહારાષ્ટ્રમાં છે અહીંયા ૨,૨૮૬ લોકોએ જીવ ગુમાવ્યો છે. તમિલનાડુ ૨૨,૩૩૩ સંક્રમિતો સાથે બીજા નંબરે છે. અહીં ૧૭૬ લોકોના મોત થયા છે. સાથે જ ૧૯,૮૪૪ સંક્રમિતો સાથે દિલ્હી ત્રીજા ક્રમે છે. દરમ્યાનમાં, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- અનલોક-૧ છતાં દિલ્હીની તમામ બોર્ડરો સપ્તાહ માટે સીલ કરાઈ
- ભારતનો જીડીપી ૪ ટકા રહેવાની આગાહી મુડીઝના નિષ્ણાંતો કરી રહ્યા છે.
- આઈસીએમઆરના સિનિયર સાયન્ટીસ્ટને કોરોના પોઝિટિવ આવતા આખું બિલ્ડીંગ સેનેટાઈઝ કરાયું.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો.

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૬૭૬૫૫ |
| તામીલનાડુ | ૨૩૪૯૫ |
| દિલ્હી | ૨૦૮૩૪ |
| ગુજરાત | ૧૬૭૯૪ |
| રાજસ્થાન | ૮૯૮૦ |
| મધ્યપ્રદેશ | ૮૨૮૩ |

# અમેરિકાના ૪૦ શહેરમાં કર્ફ્યુ

**યુએસમાં અશ્વેતના મોતની અગનજવાળા ૪૦ શહેરોમાં ફેલાઇ, કર્ફયુ લદાયો વ્હાઈટ હાઉસ સામે ભારે અને ઉગ્ર પ્રદર્શન દરમિયાન ટ્રમ્પને બંકરમાં લઈ જવાયા**

વોશિંગ્ટન,તા.૧

અમેરિકામાં એક ગોરા પોલીસ દ્વારા જ્યોર્જ ફ્લોયડ નામના એક અશ્વેત નાગરિતના મોતનો ભારે વિરોધ વધી રહ્યો છે અને સુપર પાવરની રાજધાની વોશિંગ્ટન ડીસી સહિત ૪૦ શહેરમાં કર્ફ્યુ લગાવવાની સત્તાવાળાઓને ફરજ પડી છે..ગઈકાલે રવિવાર રાતે પણ પ્રદર્શનકારીઓએ રાશ્ટ્રપતિ ભવન વ્હાઈટ હાઉસ સામે ભારે પ્રદર્શન કર્યું હતું.પરિણામે સુરક્ષાદળોએ ટીયરગેસ છોડવો પડ્યો હતો. એક અહેવાલ મુજબ, શુક્રવારે વ્હાઈટ હાઉસ સામે ભારે વિરોધ પ્રદર્શન દરમિયાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને થોડીવાર માટે અંડર ગ્રાઉન્ડ બંકરમાં લઈ જવા પડ્યા હતા.




સ્થાનિક ન્યૂઝ ચેનલના અહેવાલો દર્શાવે છે કે, વોશિંગ્ટન સહિત ૧૫ શહેરમાં લગભગ ૫ હજાર નેશનલ ગાર્ડ્સ તૈનાત કરાયા છે. અને બે હજાર ગાર્ડ્સને સ્ટેન્ડ ટૂ રહેવા કહેવામાં આવ્યું છે. એક સ્થાનિક અહેવાલ મુજબ, શુક્રવારે વ્હાઈટ હાઉસ સામે મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ ભેગા થયા હતા. તેમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ટ્રમ્પને એક કલાકથી ઓછા સમય માટે અંડર ગ્રાઉન્ડ બંકરમાં લઈ જવાયા હતા. પ્રદર્શનકારીઓને હટાવવા માટે સીક્રેટ સર્વિસ અને યુનાઈટેડ સ્ટેટ્સ પાર્ક પોલીસે ભારે જહેમત કરવી પડી હતી. અખબાર મુજબ ટ્રમ્પની ટીમ વ્હાઈટ હાઉસ બહાર મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ ભેગા થતા હેરાન હતા. જોકે એ સ્પષ્ટ થયું નથી કે મેલાનિયા અને બૈરન ટ્રમ્પને બંકરમાં લઈ જવાયા હતા કે નહીં.

# ભારતમાં કોરોના વાયરસના કોમ્યુનિટી ટ્રાન્સમિશનની પુષ્ટિ



નવીદિલ્હી, તા. ૧

એઈમ્સના ડોકટરો અને આઈસીએમઆર સંશોધન જૂથના બે સભ્યો સહિતના આરોગ્ય નિષ્ણાતોના એક જૂથનું કહેવું છે કે દેશના ગીચ અને મધ્યમ વસ્તીવાળા વિસ્તારોમાં કોરોના વાયરસના ચેપનું સમુદાય વ્યાપક પ્રમાણભૂત છે. તે જ સમયે, સરકાર વારંવાર કહેતી રહી છે કે કોરોના વાયરસનો ચેપ ભારતમાં સમુદાયના વ્યાપના સ્તરે પહોંચ્યો નથી, જ્યારે દેશમાં કોરોના વાયરસને કારણે મૃત્યુઆંકની સંખ્યા સોમવાર સુધીમાં ૫,૩૯૪ પર પહોંચી ગઈ છે અને ચેપના કુલ કેસ ૧,૯૦,૫૩૫ પર પહોંચી ગયા છે. ઈન્ડિયન પબ્લિક હેલ્થ એસોસિએશન (આઈપીએચએ), ઈન્ડિયન એસોસિએશન ૉફિ પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિન (આઈએપીએસએમ) અને ભારતીય રોગશાસ્ત્રીઓ એસોસિએશન (આઈએઈ) ના નિષ્ણાતો દ્વારા સંકલિત એક અહેવાલ વડા પ્રધાનને સુપરત કરવામાં આવ્યો છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, "દેશના ગીચ અને સાધારણ વસ્તીવાળા વિસ્તારોમાં કોરોના વાયરસના ચેપનો સમુદાય વ્યાપક પુષ્ટિ કરવામાં આવી છે અને આ તબક્કે કોવિડ -૧૯ ને દૂર કરવા અવાસ્તવિક લાગે છે. અહેવાલમાં જણાવાયું છે કે, ’રોગચાળાના ફેલાવાને રોકવા અને આરોગ્યસંભાળ વ્યવસ્થાને અસર ન થાય તે માટે મેનેજમેન્ટ માટે અસરકારક યોજનાઓ કરવા માટે દેશવ્યાપી લોકડાઉન

● અનુસંધાન પાન-૭ પર

# અનલોક-૧ ના પહેલાં જ દિવસથી દેશ પાટે ચઢ્યો



**સોશ્યલ ડિસ્ટન્સીંગના સહારે આર્થિક પ્રવૃતિઓ ધમધમવા લાગી : ટ્રેનો-બસોનો વ્યવહાર શરૂ : દુકાનો-બજારો-કારખાના વગેરેમાં ધમધમાટ : રાત્રે ૯ થી સવારે ૫ સુધી સંચારબંધી : ૮મીથી મંદિરો, મલ્ટિપ્લેક્સ, મોલ્સ, વગેરે ખુલશે**

નવી દિલ્હી,તા.૧

આખરે ૬૮ દિવસ બાદ જાણે કે સમગ્ર દેશ દોડતુ થયુ હોય, ધમધમતુ બન્યું હોય તેવા દ્રશ્યો આજે ઠેરઠેર જોવા મળ્યા હતા. કેરોના લોકડાઉન-૫ કે જેને અનલોક-૧ એવું નામ આપવામાં આવ્યું છે તેની ગાઈડલાઈન પ્રમાણે આજે ગુજરાત સહિત અંદાજે ૯૫ ટકા દેશ પુનઃ દોડવા લાગ્યો હતો.. અર્થતંત્રની ગાડી ધમધમાટ દોડવા લાગી હતી. જાણે કે કેદમાંથી છૂટ્યા હોય તેમ મોટા ભાગના લોકો બહાર નિકળ્યા હતા. કેન્દ્ર સરકારના આદેશ અનુસાર આજથી આખા દેશમાં મોટાભાગની આર્થિક પ્રવૃતિઓ

● અનુસંધાન પાન-૭ પર